(૩) વર્ષ દરમ્યાન ૯૦૦૦નું વચગાળાનું ડિવિડંડ ચૂકવવામાં આવ્યું.

(૪) કાયમી મિલ્કતો પર ૫૦૦૦ ઘસારાની જોગવાઈ કરવામાં આવી હતી.

(૫) ૫૦૦૦ની પડતર કિંમતના રોકાણો ૧૦૦૦ના નફાથી વેચવામાં આવ્યા હતા અને નફો નફા-નુકશાન ખાતે જમા કરવામાં આવ્યો હતો.

ઉપરની માહિતી પરથી ૨૦૧૫-૧૬ના વર્ષ માટેનું રોકડ પ્રવાહ પત્રક તથા કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો.

પ્ર.૪ રાજ લી.ના ૨૦૧૫ અને ૨૦૧૬ના વર્ષના પાકા સરવૈયા નીચે મુજબ હતા. (૧૫)

| દેવાં | ૨૦૧૫ | ૨૦૧૬ | મિલકતો | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | | | કાયમી મિલકતો | ૨૩૯૬૯૬૦ | ૨૬૧૦૫૦૦ |
| પ્રેફરન્સ શેર | ૩૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | સ્ટૉક | ૬૬૦૫૪૦ | ૪૯૧૮૦૦ |
| ઈક્વિટી શેર | ૧૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | દેવાદારો | ૨૫૪૦૦૦ | ૨૬૫૦૦૦ |
| શેર પ્રીમીયમ | ૩૦૦૦૦ | ૪૦૦૦૦ | બેંક સિલક | ૪૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ડિબેન્ચર | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ડિબેન્ચર વટાવ | ૩૦૦૦૦ | ૨૫૦૦૦ |
| ચાલુ દેવાં | ૭૨૫૦૦૦ | ૬૩૫૦૦૦ | | | |
| સૂચિત ડિવિડન્ડ | ૭૫૦૦૦ | - | | | |
| ન. નુ. ખાતુ | ૧૯૧૫૦૦ | ૩૪૭૩૦૦ | | | |
| | ૩૩૨૧૫૦૦ | ૩૪૨૨૩૦૦ | | ૩૩૨૧૫૦૦ | ૩૪૨૨૩૦૦ |

**વધારાની માહિતી :**

૧. ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ૨૦૦૦૦૦ની કિંમતના યંત્રો ૨૧૦૦૦૦ની કિંમતે વેચવામાં આવ્યા હતા.

૨. કાયમી મિલકતો ઉપર ૭૫૦૦૦ ઘસારો માંડી વાળવામાં આવ્યો હતો.

૩. ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ૧૦૦૦૦૦ના પ્રેફરન્સ શેર રૂા. ૧૦૦૦૦ના પ્રિમીયમે બહાર પાડવામાં આવ્યા હતા.

૪. ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ૭૫૦૦૦નું ડિવિડન્ડ ૨૦૧૫ના વર્ષનું ચૂકવાયું હતું.

૫. ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ચોખ્ખો નફો ૧૫૫૮૦૦ હતો.

ઉપરની વિગતો ઉપરથી ૨૦૧૬ના વર્ષ દરમ્યાન કાર્યશીલ મૂડીમાં વધઘટ દર્શાવતું પત્રક તથા ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગનું પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪ અશોક લિ. ના નીચે આપેલા પાકા સરવૈયા અને અન્ય વિગતો ઉપરથી નીચેના પત્રક તૈયાર કરો. (૧૫)

૧. કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

૨. ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગનું પત્રક

| દેવાં | ૩૧-૩-૧૫ | ૩૧-૩-૧૬ | મિલકતો | ૩૧-૩-૧૫ | ૩૧-૩-૧૬ |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦ | સાંચા + યંત્રો | ૪૦૦૦૦૦ | ૩૨૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૩૦૦૦૦૦ | ૩૧૦૦૦૦ | રોકાણો | ૫૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ન.નુ. ખાતુ | ૩૦૦૦૦ | ૩૫૦૦૦ | સ્ટૉક | ૨૦૦૦૦૦ | ૧૯૫૦૦૦ |
| મૂડી અનામત | ૨૬૦૦૦ | ૩૩૦૦૦ | લેણી હૂંડી | ૪૦૦૦૦ | ૧૫૦૦૦ |
| ડિબેન્ચર | - | ૨૭૦૦૦૦ | દેવાદારો | ૨૦૦૦૦૦ | ૪૫૫૦૦૦ |
| લેણદારો | ૯૦૦૦૦ | ૭૫૦૦૦ | બેંક સિલક | ૧૫૯૦૦૦ | ૧૯૭૦૦૦ |
| દેવી હૂંડી | ૭૮૦૦૦ | ૫૯૦૦૦ | | | |
| કરવેરા જોગવાઈ | ૭૫૦૦૦ | ૧૦૦૦૦ | | | |
| | ૧૦૪૯૦૦૦ | ૧૨૪૨૦૦૦ | | ૧૦૪૯૦૦૦ | ૧૨૪૨૦૦૦ |